## વિઝાગ સ્ટીલ પ્લાન્ટમાં ગરમ પીગળેલું લોખંડ ઢોળાતા 8 કામદારોના મોત

વિશાખાપટ્ટનમ, તા. 8 (PTI): રાષ્ટ્રીય ઈસ્પાત નિગમ લિમિટેડ (વિઝાગ સ્ટીલ પ્લાન્ટ)માં સોમવારે પીગળેલું લોખંડ તેમના પર પડતાં ઓછામાં ઓછા આઠ કામદારોનાં મોત નીપજ્યાં હતાં અને અન્ય છ લોકો ઘાયલ થયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે, "આઠ કામદારોનાં મોત થયાં છે અને અન્ય છ લોકો ઘાયલ થયા છે, જેમાંથી કેટલાક ગંભીર રીતે દાઝી ગયા છે." આ દુર્ઘટના પર પ્રતિક્રિયા આપતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દુઃખ વ્યક્ત કર્યું હતું અને પ્રત્યેક મૃતકના વારસદારોને 2-2 લાખ અને ઘાયલોને 50-50 હજાર આર્થિક સહાય આપવાની જાહેરાત પણ કરી હતી. વડા પ્રધાન મોદીએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "વિશાખાપટ્ટનમ સ્ટીલ પ્લાન્ટમાં થયેલી દુર્ઘટનાથી અત્યંત દુઃખી છું. જેમણે પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. વિશાખાપટ્ટનમના જિલ્લા કલેક્ટર એમ અભિષિક્ત કિશોરે જણાવ્યું હતું કે, આ અકસ્માત સોમવારે સાંજે 4.15 વાગ્યે થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે પીગળેલું લોખંડ આશરે 1,600 ડિગ્રી સેલ્સિયસ જેટલું અત્યંત ગરમ હતું.



## ડોમિનિકન રિપબ્લિકમાં પ્રાઈવેટ જેટ ક્રેશ : બે પાયલોટનાં મોત

સાન્ટો ડોમિંગો, તા. ૮ : કેરેબિયન દેશ ડોમિનિકન રિપબ્લિકના લા રોમાના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક ભયાનક વિમાન અકસ્માત સર્જાયો છે. અહીં એક પ્રાઈવેટ જેટે ઈમરજન્સી લેન્ડિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રનવે પર ઉતરતાની સાથે જ વિમાન જોરદાર રીતે ઉછળ્યું હતું અને જોતજોતામાં આગના વિશાળ ગોળામાં ફેરવાઈ ગયું હતું. આ દર્દનાક દુર્ઘટનામાં વિમાનના પાયલોટ અને કો-પાયલોટ બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે.

અકસ્માતનો ભોગ બનેલું વિમાન 'ગલ્ફસ્ટ્રીમ G200' (Gulfstream G200) મોડેલનું પ્રાઈવેટ જેટ હતું. આ વિમાન લા રોમાના એરપોર્ટ પરથી અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં આવેલા ઓસ્ટિન શહેર જવા રવાના થયું હતું. જોકે, ઉડાન ભર્યાના થોડા જ સમયમાં વિમાનમાં કોઈ ગંભીર ટેકનિકલ ખામી સર્જાઈ હતી. પાયલોટે તુરંત જ ઈમરજન્સી જાહેર કરી અને વિમાનને પાછું એરપોર્ટ પર લેન્ડ કરાવવાનો નિર્ણય લીધો હતો.

આ અકસ્માતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે, જે રનવે પર લાગેલા કેમેરામાં કેદ થયો છે. વીડિયોમાં જોઈ શકાય છે કેઃ અકસ્માત બાદ એરપોર્ટની આસપાસ આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા ઉડ્યા હતા.

## દુબઈમાં માર્ગ અકસ્માતમાં કેટલાક ભારતીય શ્રમિકોનાં મોત

દુબઈ, તા. 8 (PTI) દુબઈમાં સોમવારે એક મિની બસ રસ્તાની વચ્ચે ઊભેલી ટ્રક સાથે અથડાતાં કેટલાક ભારતીય શ્રમિકોનાં મોત થયાં હોવાનું સત્તાવાળાઓએ જણાવ્યું હતું. દુબઈમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "દુબઈમાં થયેલા દુઃખદ માર્ગ અકસ્માતમાં કેટલાક ભારતીય શ્રમિકોનાં મોતના સમાચારથી ઘણું દુઃખ થયું." દૂતાવાસે જણાવ્યું હતું કે, તે તમામ સંભવિત મદદ અને સહયોગ પૂરો પાડવા માટે સ્થાનિક સત્તાવાળાઓ સાથે મળીને કામ કરી રહ્યું છે. દુબઈ પોલીસના જનરલ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાફિકના ડાયરેક્ટર બ્રિગેડિયર જુમા સાલેમ બિન સુવૈદાને જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે ટેક્નિકલ ખામીને કારણે ટ્રક અચાનક એમિરેટ્સ રોડની વચોવચ ઊભી રહી ગઈ હતી. સુવૈદાને જણાવ્યું હતું કે, "બસ ચાલકે કથિત રીતે ધ્યાન ન આપ્યું અને સુરક્ષિત અંતર જાળવવામાં નિષ્ફળ રહ્યો, જેના કારણે તેણે પાછળથી ટ્રકને ટક્કર મારી દીધી."

## ટ્રમ્પે ગુસ્સામાં ઈન્ટરવ્યૂ અધૂરો છોડ્યો

**ટ્રમ્પે** મોદીવાળી કરી!

**મીડિયાને** કહ્યું 'પક્ષપાતી'

**NBC** ન્યૂઝની એન્કરે રોકવા માટે આજીજી કરી, પણ ટ્રમ્પે માઇક હટાવી 'મીટ ધ પ્રેસ'નો સેટ છોડી દીધો



વોશિંગ્ટન, ૮ જૂનઃ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર મીડિયા પર ભડક્યા છે. NBC ન્યૂઝના લોકપ્રિય શો 'મીટ ધ પ્રેસ' (Meet the Press) માટે વરિષ્ઠ પત્રકાર ક્રિસ્ટન વેલ્કરને આપેલા એક ખાસ ઈન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પ એટલા ગુસ્સે થઈ ગયા કે તેઓ વાક્ય પૂરું કર્યા વિના જ સેટ છોડીને ચાલ્યા ગયા હતા.

એન્કરે તેમને રોકવા માટે ઘણી વિનંતીઓ કરી, પરંતુ ટ્રમ્પે ન્યૂઝ ચેનલોને 'લપટી અને પક્ષપાતી' કહીને ઈન્ટરવ્યૂ અધવચ્ચે જ અટકાવી દીધો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે.

**કયા સવાલ પર ભડક્યા ટ્રમ્પ?**

વિસ્કોન્સિનમાં યોજાયેલા આ ઈન્ટરવ્યૂ દરમિયાન, એન્કર ક્રિસ્ટન વેલ્કરે વર્ષ ૨૦૨૦ની રાષ્ટ્રપતિ ચૂંટણી અંગે સવાલ પૂછ્યો હતો.

વેલ્કરે ટ્રમ્પને એવો દાવો સાબિત કરવા કહ્યું કે ૨૦૨૦ની ચૂંટણી 'ચોરાઈ' ગઈ હતી (તેમાં છેતરપિંડી થઈ હતી).


આ સવાલ સાંભળતા જ ટ્રમ્પનો પારો સાતમા આસમાને પહોંચી ગયો હતો.

તેમણે એન્કરને મોઢામોઢ જુઠ્ઠી કહી દીધી અને આકરા પ્રહારો કરતા કહ્યુંઃ "અમેરિકાની ચૂંટણીઓ કોઈ ત્રીજા વિશ્વના દેશ (ગરીબ/પછાત દેશ) જેવી થઈ ગઈ છે.

તમારી ચૂંટણીઓ ભ્રષ્ટ છે, તમે પોતે ભ્રષ્ટ છો, 'મીટ ધ પ્રેસ' ભ્રષ્ટ છે અને ABC, CBS તેમજ CNN પણ એટલા જ ભ્રષ્ટ છે. તમે બધા એકતરફી વાતો કરનારા નેટવર્ક છો. બહુ થયું, હવે આ બંધ કરો."

**પેજ3**

## દીપિકા-રણવીર નવા ઘરના બાંધકામની મુલાકાતે



મુંબઈ, તા. ૮ઃ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ સોમવારે બાંદ્રામાં તેમના નવા ઘરે જોવા મળ્યા હતા, જે મુલાકાતની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. એક્સ પર ફેન પેજીસ દ્વારા શેર કરવામાં આવેલી તસવીરોમાં આ કપલ બાલ્કનીમાં ઊભેલું, એકબીજા સાથે વાત કરતું અને પ્રોપર્ટી પર ચાલી રહેલા ઈન્ટિરિયરના કામની પ્રગતિનું નિરીક્ષણ કરતું જોવા મળે છે. આ મુલાકાતે લોકોનું ધ્યાન એટલા માટે પણ ખેંચ્યું છે કારણ કે તસવીરોમાં દીપિકાનો બેબી બમ્પ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. દીપિકા લૂઝ વ્હાઇટ કો-ઓર્ડ સેટમાં જોવા મળી હતી, જ્યારે રણવીરે રેડ ટી-શર્ટ અને બ્લેક ટ્રેક પેન્ટ પહેર્યું હતું.

## જાવેદ જાફરીની પત્ની સાથે રૂ. 16.24 કરોડની ઠગાઈ: બીએમસી અધિકારી સસ્પેન્ડ



મુંબઈ, તા. 8: બોલિવૂડ અભિનેતા જાવેદ જાફરીની પત્ની હબીબા જાફરી એક કથિત રોકાણ કૌભાંડનો ભોગ બની છે અને તેની સાથે આશરે રૂ. 16.24 કરોડની છેતરપિંડી કરવામાં આવી છે. તપાસ દરમિયાન બીએમસીના એક અધિકારીનું નામ સામે આવ્યું છે, જેના કારણે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હબીબાએ બાંદ્રાના એક પુનર્વિકાસ પ્રોજેક્ટમાં સારા વળતરના વચન પર મોટી રકમનું રાકાણ કર્યું, પરંતુ પાછળથી તેને ખબર પડી કે તેની સાથે છેતરપિંડી થઈ રહી છે. ફરિયાદ બાદ પોલીસ અને સંબંધિત એજન્સીઓએ તપાસ શરૂ કરી હતી. જેના પરિણામે બીએમસીના અધિકારી કે-નોર્થ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર મહેશ પાટીલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પાટીલ હાલમાં ફરાર છે.



## કાનપુરમાં જમાઈએ સાસુ સાથે કર્યા કોર્ટ મેરેજ

કાનપુર, તા. ૮ઃ ઉત્તર પ્રદેશના કાનપુરની એક અસામાન્ય ઘટનામાં એક વ્યક્તિ અને તેની સાસુ ચર્ચાનો વિષય બન્યા છે, જેમના કોર્ટ મેરેજ દર્શાવતો એક કથિત વીડિયો ઓનલાઈન સામે આવ્યો છે. હા, તમે બરાબર વાંચ્યું છે. કોર્ટમાં એકબીજાને હાર પહેરાવતાં અને પોતાના લગ્નનું પ્રમાણપત્ર હાથમાં પકડેલા આ કપલનો અત્યારે વાયરલ થઈ રહેલો વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે. આ વીડિયોએ લોકોનું વ્યાપક ધ્યાન ખેંચ્યું છે, જેમાં સોશિયલ મીડિયા યુઝર્સ આ અસામાન્ય સંબંધ વિશે પોતાના વિચારો અને મંતવ્યો શેર કરી રહ્યા છે. આ બાબતે સ્થાનિક રહીશોમાં પણ ચર્ચાઓ જગાવી છે. ઓનલાઈન ફરતા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ જમાઈ અને સાસુ લાંબા સમયથી એકબીજાંના સંપર્કમાં હતા. જોકે, આ દાવાઓ અંગે હજી સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આ બાબતે અત્યાર સુધી કોઈ કાનૂની ફરિયાદ નોંધાઈ હોવાનું સામે આવ્યું નથી.

## સાયબર ફ્રોડ માટે કંબોડિયાથી 5,300 ભારતીય સીમ કાર્ડ વપરાયા

**ઈડીએ** તપાસ શરૂ કરી

**30** બેંક ખાતા સીઝ

નવી દિલ્હી, તા. 8 (PTI) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ દેશમાં કથિત રીતે 5,300 સીમ કાર્ડ ખરીદવા સંબંધિત એક કેસની તપાસ શરૂ કરી છે, જેનો ઉપયોગ કંબોડિયામાં મલેશિયન નાગરિકની આગેવાની હેઠળની ગેંગ દ્વારા સમગ્ર ભારતમાં સાયબર ફ્રોડ આચરવા અને લોકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરવા માટે કરવામાં આવ્યો હતો.

કેન્દ્રીય એજન્સીએ 5 જૂનના રોજ પંજાબના લુધિયાણા ઉપરાંત રાજસ્થાનના કિશનગઢ (અજમેર), નાગૌર અને જોધપુરમાં 7 જગ્યાઓ પર દરોડા પાડ્યા હતા, જેના કારણે આ છેતરપિંડીના નેટવર્કનો હિસ્સો હોવાના કથિત 30 સ્થાનિક બેંક ખાતાઓ ઓળખી શકાયા છે. ઈડીએ સોમવારે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું છે કે, ઈડીનો આ કેસ, જે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ દાખલ કરવામાં આવ્યો છે.